ET (Gujarati), Ahmedabad

# બીએસએનએલે તેની સૌ પ્રથમ વિડિયો ફોન સેવા લોન્ચ કરી

**અમદાવાદઃ** ભારત સંચાર નિગમ લિમિટેડે અમદાવાદ સ્થિત સાઇ ઇન્ફોસિસ્ટમની સાથે સોમવારે દેશમાં સૌ પ્રથમ સ્પેશિયલાઇઝ્ડ ફિક્સ્ડ લાઇન ટેલિફોનનો ઉપયોગ કરીને વિડિયો-ફોન ફેસિલિટી લોન્ચ કરી છે. બીએસએનએલ બે વર્ષમાં દસ લાખથી વધુ ગ્રાહકની આશા રાખે છે. બીએસએનએલના ચીફ જનરલ મેનેજર એસ ભાર્ગવે સોમવારે પત્રકારોને જણાવ્યું હતું કે, ''પ્રાથમિક તબક્કામાં ઉદ્યોગો અને બિઝનેસ ક્ષેત્ર તેનો ઉપયોગ કરશે. આ સેગમેન્ટમાં પબ્લિક ટેલિફોન બુથ મોડલનો પણ કેવી રીતે ઉપયોગ કરી શકાય તેનો અભ્યાસ કરી રહ્યા છીએ.'' કંપની સત્તાવાળાઓને લાગે છે કે આ સેવા ટેલિ-એજ્યુકેશન અને ટેલિ-મેડિસિન માટે ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં ક્ષમતા ધરાવે છે. આ સેવા માટે ટર્મિનલ પર સ્પેશિયલાઇઝ્ડ ફિક્સ્ડ લાઇન ડિવાઇસ અને બ્રોડબેન્ડ કનેક્શન હોવું જરૂરી છે. સામ પિત્રોડા દ્વારા નવી દિલ્હીથી અમદાવાદ સ્થિત બીએસએનએલના અધિકારીઓને ઉદ્‌ઘાટન કોલ કરવામાં આવ્યો હતો. દેશની અંદર વોઇસ કોલનો ચાર્જ મિનિટ દીઠ ૪૦ પૈસા અને આંતરરાષ્ટ્રીય વોઇસ કોલ માટે ચાર્જ મિનિટ દીઠ ₹૧.૨૦ હશે. વિડિયો અને વોઇસ કોલનો મિનિટ દીઠ ₹૨ ચાર્જ લેવાશે. આ સેવા પ્રારંભમાં પશ્ચિમ અને ઉત્તરના રાજ્યોમાં અને બાદમાં દક્ષિણ અને પૂર્વનાં રાજ્યોમાં લોન્ચ કરાશે.